# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૨૭ • સળંગ અંક : ૧૩૧ • તા.૧૨ ડિસેમ્બર થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## ગુરૂભગવંતોની હાજરીમાં

# શ્રી ગુરૂ મંદિરનું શિલાન્યાસ






SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પ્રાર્થના એટલે પ્રભુને પામવાનો દ્વાર

અનુભવીઓ કહે છે કે દવા કરતાં દુઆની અસર ઝડપી અને અકસીર રહે છે દુઆ એટલે કોઈકના મળેલા આપણને આશીર્વાદ. જે આપણી આકસ્મિક આપદામાં આપણને અદ્રશ્ય રીતે સહાયભૂત બની રહે છે. કોઈક અજાણ્યાને આપણે મદદ કરી હોય, સહાયભૂત થયા હોઈએ કે અન્ય રીતે તેની વિપદામાં તેનો હાથ પકડ્યો. સાથ આપ્યો હોય ત્યારે એના અંતરના ઊંડેથી જ આશીષ ઝરે એનું નામ છે દુઆ. દુઆ મળવી એ અલભ્ય, અલૌકિક અને અકસીર ઔષધ છે જે અદ્રશ્ય છે છતાં ઉપયોગી છે. રામબાણ જેવી ઉપયોગી છે. કોઈકે આપણને આશીર્વાદ આપે ત્યારે તેના નિર્દોષ નિસ્વાર્થ મનમાંથી જે પ્રાર્થના નીકળે છે એ આપણા માટેની દુઆ છે. આ દુઆ આપણા જીવનમાં એવા ચમત્કાર સર્જે છે જેનો આપણે ને અંદાજો નથી હોતો. ધોમધખતા તાપમાં શીળો છાંયડો પામી જેવી શાતા થાય, જેમ બળબળતા રણમાં ઝાંઝવાના જળની ઝંખનામાં ભટકાતા શીતજલ મળે ને જેવી તૃપ્તિ થાય એવો હાશકારો પામેલ વ્યક્તિના અંતરમનથી નીકળેલ આશીષ આપણા માટે તેણે કરેલ પ્રાર્થના છે. આ ઈતર વ્યક્તિના મન ઊંડાણમાંથી આપણી માટે નીકળેલ શબ્દોની બારાખડી એટલે જ બંદગી છે જે જરૂર કબૂલ થાય છે.

એવું મનાય છે કે બહુ સિદ્ધિ પામેલી વ્યક્તિઓ આપણને આશીર્વાદ આપે છે ત્યારે તેના આશીર્વાદ જરૂર ફળે છે. આપણા સાધુ સાધ્વીજી મહારાજ સાહેબો, નિત પ્રભૂભક્તિમાં લીન રહેતા સંતો, મહંતો, મહાપુરૂષો ને ઓલિયાઓ નિસ્વાર્થ, નિષ્પાપ ભાવે આપણા સુખની કામના કરે ત્યારે તેના બદલામાં કશું યાચતા નથી કે ઈચ્છા રાખતા નથી. આ નિસ્વાર્થ લાગણીથી ઝરતા ભાવ ઝરણાં આપણા માટે અખૂટ દરિયો આપે છે. આ ભાવ ફળે છે તેની પાછળ તેમની નિઃસ્વાર્થ ભાવના છે. સર્વ જન હિતાય સર્વ જન સુખાય ની લાગણી છે.

જીવન વ્યવહારમાં રાગ, દ્વેષ, પ્રપંચ, કાવાદાવા ઈર્ષા, અદેખાઈ, લોભ, છળ કપટના આટાપાટા રહેવાના જ પણ એનાથી ઉપર અને પવિત્ર જો કોઈ હોય તો એ છે દુઆ. જ્યારે કોઈની દુઆ વગર માંગેલી મળે છે ત્યારે એની સામે ઉપર લખેલા વિકાર કે કટુ ભાવ હાવી થઈ શકતા નથી. એનું કારણ છે સત્ય સામે અસત્ય અને સારી ભાવના વિરૂધ ખરાબ ભાવના હારી જાય છે.

કોઈની સારપ પામવા માટે, કોઈની દુઆ એમની એમ મળતી નથી. એ મેળવવા આપણે મદદનો નિઃસ્વાર્થ સહાયનો હાથ લંબાવવો પડે છે. દરેક વખતે માત્ર પૈસા વહેચવાથી કે આંશિક સહાય આપવાથી દુઆ મળે એવું નથી. કોઈના દુઃખમાં હેતની લાગણી, હૂંફની ભાવના ને તેની મુશ્કેલીમાં શબ્દો દ્વારા પ્રોત્સાહન આપીએ, હતાશામાં તેનો ઉત્સાહ વધારીએ અને તેની હારેલી હિંમતને નવું ચેતન આપીએ. પગમાં જોર અને બાવડામાં તાકત જગાવીએ તો પણ ઘણું છે. તેનામાં આશા, ઉમ્મીદ અને આશાનો સંચાર પ્રગટે તો પણ આપણે ઘણી મદદ કરી કહેવાય. આવા કપરા સમયમાં તેને મળેલો હાશકારો તેના મનમાં આપણા માટે દુઆ નિર્માણ કરે છે. જે તેણે આપણા માટે પ્રભુ સમક્ષ કરેલી પ્રાર્થના છે. જેનો પરમાત્મા જરૂર સ્વીકાર કરે છે. આમ આ પવિત્ર દુઆ આપણી માટેની પ્રાર્થના છે જે આપણને પ્રભુને દ્વારે પહોંચાડે છે.

– જ્ઞાતિમૈયા

# સપનાં બંધ આંખોના અને ખુલ્લી આંખોના

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

રાતે ઊંઘમાં આવતા સપનાંથી આપણે સૌ પરિચિત છીએ. પણ ખુલ્લી આંખે આવતા સપનાં આપણા માટે અજાણ્યા છે અથવા આપણે પણ ખુલ્લી આંખે સપનાં આવે છે તે પણ જાણી શકતા નથી. રાતના આવતા સપનાંએ આખો દિવસ મનોમસ્તિકમાં ઘૂમરાતા વિચારોના અદ્રશ્ય પ્રતિબિંબ જેવા હોય છે. આવા સપનાં તો અઢળક આવતા હોય છે. જેમાંથી કોંક જ આપણને યાદદાસ્તમાં રહી જાય છે. ડરાવના, ભયજનક, માનસિક ચિંતા કરાવતાં કે ધન મિલ્કત કે સ્વજનની હયાતિને હાનિ પહોંચે એવા સપનાં જ્યારે આવે છે ત્યારે ઊંઘ ઉડી જાય છે અને પછી ઊંઘ વેરણ થઈ જાય છે. નકારાત્મક વિચારોથી ચિંતાને લીધે અને ભવિષ્યમાં શું થશે? સપનાં સાચા પડશે કે શું આ ફિકરને લીધે.

કોઈપણ પ્રગતિ માટે, સફળતાનો લક્ષ્ય સિધ્ધ કરવા સપનાં જોઈએ તો જ લક્ષ્ય ભણી આગળ વધવાની પ્રતિબધ્ધતા મળે, સંકલ્પ બળ મળે અને પ્રબળ ઈચ્છા શક્તિ થાય. પણ આ સપનાં ઊંઘમાં નહીં, બંધ આંખે આવે એવા સપનાં નહીં પણ જાગૃતિ અવસ્થામાં, પૂરી જ્ઞાન ભાનમાં આવે એ જરૂરી છે. આ સપનાં માત્ર સપનાં નથી. આત્મબળના પગલાં જેવા છે. આપણે જે ઉજ્જવળ ભવિષ્ય માટે જે બીજ વાવીશું એને પાણી આપવાનું કામ કરશે. એનું પોષણ કરશે અને એનું માવજત કરશે.

આ સંભાળ માટે માત્ર વિચાર, કલ્પના કે ખ્યાલ માત્ર કરવાથી ન વળે પણ સપનાં સાકાર થાય એનો પ્લાન, રોડમેપ બનાવવો પડશે. સતત જાગૃતિ અને સજાગતા રાખવી પડશે. આ સપનાં કોઈને કારણે વિખરાઈ ન જાય એ માટે, કોઈ એનું સમૂળગું નાશ ન કરી દે એ માટે સતત એની અડખે પડખે રહેવું પડશે. કારણ કે આ ઊંઘ ઉડાડી દે તેવા સપનાં નથી પણ ઊંઘ આવતી હોય છતાં ઊંઘવા ન દે એવા સપનાં છે. બંધ આંખે જોયેલા સપનાં કરતાં પણ ખુલ્લી આંખે જોયેલા સપનાં પૂરા થવાની શક્યતા વધારે હોય છે. કારણ કે એને સાચા પાડવાની સંકલ્પ શક્તિ આપણી હાથમાં હોય છે. એટલે જ બને ત્યાં સુધી જાગતી આંખે સપનાં જોવા.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી વર્ધમાન  બોંતેર જિનાલય તીર્થે શ્રી ગુરૂ મંદિરની શિલા સ્થાપન વિધિ ધર્મમય માહોલમાં સંપન્ન



કચ્છના મહાતીર્થ શ્રી વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ જૈનાચાર્ય પ.પૂ.ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ની સમાધિ ભૂમિ પર સંગમેરમર પાષાણ રત્નમાં નિર્માણ પામનાર ગુરુ મંદિરની શિલા સ્થાપન વિધિ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. વહેલી સવારથી ધાર્મિક વિધિ વિધાન અનુષ્ઠાન વચ્ચે ગુરૂ મંદિરની આરસની શિલા રત્નોની અષ્ટપ્રકારી પૂજા કરી ગુરુ ભગવંતોના વાસનિક્ષેપ સહ સ્થાપન કરવામાં આવી હતી.

આ અવસરે શિવમસ્તુ તીર્થના પ્રણેતા પ.પૂ.મુનિપૂર્ણ ભદ્રસાગરજી મ.સા., પ.પૂ.રાજરત્ન સાગરજી મ.સા. આદિ મુનિવરો તથા વિશાળ ક્ષમણી ગણની પાવન નિશ્રા રહી હતી.

મુનિવર્ય પ.પૂ.પ્રિયંકર સાગરજી મ.સા.એ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુરૂદેવશ્રીના આ તીર્થધામ પ્રત્યેના યોગક્ષેમની વાતો કરી ઉર્જા પુરૂષના જીવનની યશોગાથા વર્ણવી વંદના કરાવી.

મુંબઈ મેટ્રોરિજનના કલ્યાણ સ્થિત ગિરનાર ટાવરના વિશાળ પટાંગણમાં ગુરુ ગુણોદય સ્મૃતિ તીર્થની જમીનના દાતાઓની ભાવનાઓની અનુમોદના કરી હતી. જૈનાચાર્ય નિર્વાણ દિન નેમનાથ દીક્ષા કલ્યાણ દિન હોતા નેમનાથ જિનાલય ત્યાં નિર્માણ કરવામાં આવશે. નવ હજાર સ્કેવર ફૂટ જગ્યા ઉપાશ્રય આદિ જિનાલય ગુણોદયતીર્થ નિર્માણ પામશે.



આ પ્રસંગે પ.પૂ.સાધ્વીશ્રી આગમ કિરણાશ્રી દીપ્તકિરણાશ્રી લેખિત જૈનીઝમના કર્મવિજ્ઞાન પર પ્રકાશ પાડતા ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આગામી દિવસોમાં શત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રા માટે કાંડાગરા સંઘ માતા નીતાબેન નાનાલાલ કેશવજી ગાલા પરિવારે ભાવના કરી ગુરૂ ભગવંતોને વિનંતી કરી હતી. પ.પૂ. મુનિશ્રી ભાગ્યોદય સાગરજી મ.સા.ના સૂર્યડાંગ સૂત્રના બૃહદ યોગો દહનની નાણ મંડાઈ હતી. મુનિશ્રી પૂર્ણ ભદ્રસાગરજી મ.સા.એ યોગ વિક્રિયા કરાવેલી પંન્યાસ પ્રવર ભક્તિ રત્નવિજયજી ઉપસ્થિત રહ્યાં હતા.

# શ્રી વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે ગુરૂ મંદિરની શિલા સ્થાપન વિધિ ધર્મમય માહોલમાં સંપન્ન થઈ



ગુરુ મંદિરની શિલા સ્થાપનની વિધિમાં શિલા સ્થાપનાનો લાભ ટ્રસ્ટવતી અગ્નિ સંસ્કાર લાભાર્થી પરિવારને અપાયો હતો. પ.પૂ.મુનિ પૂર્ણ ભદ્રસાગરજી, પ.પૂ.રાજરત્ન સાગરની નિશ્રામાં તેમજ તપાગચ્છીય પંન્યાસ ભક્તિ રત્ન વિજયજી, પ.પૂ.કંચન સાગરજી મ.સા., પ.પૂ.હિતવર્ધન સાગરજી મ.સા., પ.પૂ.પ્રિયંકર સાગરજી મ.સા. આદિ, શ્રમણી ગણ પ.પૂ. સા.વસંત પ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી વિશ્વોધ્યશ્રીજી મ.સા., પ.પૂ.સા.હંસા પલીશ્રીજી મ.સા., પ.પૂ.સા.ધર્મ કીર્તિશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી જયરેખાશ્રીજી મ.સા., પ.પૂ.જ્યોતિપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.આ.શ્રી જય ધર્મશ્રીજી મ.સા., પ.પૂ. સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અભય ગુણાશ્રીજી મ.સા. આદિ સાધ્વીજીઓની નિશ્રા રહી હતી.

આ પ્રસંગે બાડા મહાજન તથા પુષ્પાબેન વિનોદભાઈ ગંગર તથા કુસુમબેન ટેકચંદભાઈ તરફથી વૈયાવચ્છ ખાતામાં સારું દાન જાહેર કરાયું હતું. આ પ્રસંગે મોરારજી નાનજી છેડા, વિનોદભાઈ દેવરાજ ગંગર (ગોધરા), રાજીવભાઈ રવિલાલ સંગોઈ, રસિકલાલ નાનજી શાહ, નવીનભાઈ ધનજી ગાલા, ગોવિંદભાઈ વેલજી વિકમાણી, વિસનજીભાઈ મંગલભાઈ બાડાવાલા, હીરાચંદ લક્ષ્મીચંદ છેડા, હેમચંદ મૂળજી ગડા, ટેકચંદ જેઠાલલા વિસરીયા, વિનોદ ખીમજી ગંગર, દીપકભાઈ, મૂળજીભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

રતિલાલભાઈ, શામજીભાઈ, ચંદ્રેશભાઈ, બિપિનભાઈ સહિત વ્યવસ્થા સંભાળી હતી. વિધિ વિધાન ચંદ્રકાંતભાઈ દેઢિયા (બિદડા)એ કરાવ્યા હતા.

૫૪-૫૪ વર્ષીતપના આરાધક તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી તા.૨૫ જુલાઈ શનિવારની મધરાતે અને તા.૨૬ જુલાઈ રવિવારની ભાંગતી પરોઢના ૧.૧૫ કલાકે નવકાર મંત્રના રટણ સ્મરણ કરતાં મોક્ષ માર્ગે મહા પ્રયાણ કરેલ. તેમના નશ્વર દેહના બોંતેર જિનાલય મધે અગ્નિ સંસ્કાર આપી અત્યેષ્ઠિ વિધિ કરાઈ. તે સ્થળે ગુરૂ મંદિરના નિર્માણ કરવા તા.૨૪ નવેમ્બર મંગળવાર રોજે પ.પૂ.રાજરત્ન સાગરજી મ.સા.નો પાવન નિશ્રામાં વિધિકાર ચંદ્રકાન્ત દેઢિયાના સથવારે અગ્નિ દાહનો ચડાવો લેનાર પરિવાર તથા બોંતેર જિનાલયના ટ્રસ્ટીઓ દ્વારા ખનન વિધિ કરાઈ હતી. હવે એ સમાધિ ભૂમિ સ્થળે ગુરૂ મંદિરના ભવ્યાતિ ભવ્ય નિર્માણ માટે શિલા સ્થાપન વિધિ કરાઈ છે.

# ડોંબિવલી સંઘમાં અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના પુનિત પગલા થયા





તા.૧૨ ડિસેમ્બર શનિવાર સવારે ૯ કલાકે ડોંબિવલીની પાવન ધરા પર અચલગચ્છ જૈન સંઘના આંગણે અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું ભવ્ય આગમ થતા સંઘમાં સર્વત્ર આનંદ અને ઉત્સાહનો માહોલ છવાયો.

આજ રોજ પૂજ્યશ્રીના ૩૭મી ગણિપદ તિથિ, ૫૨મી દીક્ષાતિથિ અને ૬૮મી જન્મતિથિ એમ ત્રણ ત્રણ યાદગાર અવિસ્મરણીય તિથિઓ ઉજવાનો લાભ ડોંબિવલી સંઘને મળતાં અત્રે હર્ષની અનુભૂતિ સર્વએ અનુભવી. સામૂહિક દેશાવગસિક રૂપે વિરતિની આરાધનાનું ભવ્ય આયોજન કોરોના ગાઈડ લાઈન્સનું પાલન કરીને કરાયેલ. નવકાર મંત્ર જાપ, નવ સ્મરણાદિ સ્વાધ્યાય, ગુણાનુમોદન, આર્શીવચન, આયંબીલ તપની ધર્મ આરાધનાઓ કરાઈ.



કાર્યક્રમની હાઈલાઈટસમાં ૫૨ લક્કી ડ્રો, ૫૨ ભાગ્યશાળી સંયમ લેવાના અભિગ્રહ કર્યા, ૫૨ ભાગ્યશાળી શ્રાવક ચતુર્થ વ્રતોચ્ચાર કર્યા. ૫૨ ભાગ્યશાળી વરસી તપનો સંકલ્પ કર્યો. ૫૨ ભાગ્યશાળી ૫૦૦ આયંબિલનો સંકલ્પ કર્યો. ૫૨ ભાગ્યશાળી ૫૨ પૌષધ આરાધના અભિગ્રહ કર્યા. ૫૨ ભાગ્યશાળી ૧૨ વ્રત સ્વીકારવા કટિબધ્ધ થયા વિગેરે દ્વારા આ અવનવા સંકલ્પ સાથે પૂજ્યશ્રીની ૫૨મી દીક્ષાતિથિ ઉજવવા સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓમાં અઢળક ઉમળકો, અદ્‌ભૂત ઉત્સાહ અને ધર્મ ભાવનાની અનેરી લહેર ઉમટી હતી.





# અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ શ્રી મુલુંડ વાસુપૂજ્ય સ્વામી જિનાલયમાં પધરાણી કરી

તા.૫ ડિસેમ્બર શનિવાર રોજે સવારે ૬.૧૫ કલાકે અલગચ્છ નાયક પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગર-સૂરિશ્વરજી મ.સા. આદિઠાણા શ્રી મુલુંડ વેસ્ટના ઝવેર રોડ સ્થિત વાસુપૂજ્ય સ્વામી જિનાલયમાં પધાર્યા હતા. સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ઢોલ નગારાના તાલે ભાવપૂર્વક સામૈયું થયું હતું.



# શ્રી વાસુપૂજ્ય જિનાલયે આયંબિલ ઓળીની પૂર્ણાહુતિ





મુલુંડ (વેસ્ટ) ઝવેર રોડ ખાતે આવેલ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય મધે અચલગચ્છ નાયક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં તેમજ પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં પ.પૂ.સા.શ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ની ૮૭મી આયંબિલ ઓળીના પૂર્ણાહુતિ નિમિત્તે તા.૭ ડિસેમ્બર સોમવારના પારણા થયા.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાના ઐરોલી મહાજનવાડીમાં પાવન પગલાં




તા. ૭ ડિસેમ્બર સોમવારના સવારના ૯ કલાકે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની જ્ઞાતિવાડી, મહાજનવાડી, કસ્તુરી પદમ બેંકવેન્ટ હોલ ઐરોલીના ભૂમિપૂજન તથા ખનન વિધિમાં શુભાશિષ વર્ષાવી કૃપા કરનારા વર્તમાન ગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા પરમ પાવન પગલાં પાડી પધરામણી કરી. વાજતે ગાજતે તેમની પધરામણીને વધાવ્યું. માંગલિક પ્રવચન અને અભિષેક કર્યા.

તે દિવસે સ્થિરતા કરી બીજા દિવસે વાશી તરફ વિહાર કર્યો હતો.

# અચલગચ્છના ગૌરવ સમું મુંબઈ મેટ્રોરિજન ડોંબિવલીમાં આવેલ વિહારધામ શ્રી ગુણ વિહાર ધામ

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી સંચાલિત સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગર સૂરિશ્વરજી મ.સા. પ્રેરિત, શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.નું નામ જેની સાથે જોડાયેલ છે એ 'ગુણવિહારધામ' ડોંબિવલીથી ૯ કિ.મી. દૂર કલ્યાણ શીલ હાઈવે પર શીલ ફાટા નજીક આવેલ છે.

અત્રે શ્રી ગુણ વિહારધામ મધ્યે શ્રી સિમંધર સ્વામી પરમાત્માનું સરસ મજાનું જિનાલય, સાધુ સાધ્વીજી ભગવંતો માટે બે વિશાળ ઉપાશ્રયો, પૂજ્યોની ભક્તિ માટે કાયમી ભોજનશાળા, વર્ષ દરમ્યાન ૬૦૦થી અધિક વિવિધ સંપ્રદાયોના પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિનો સુંદર લાભ મળી રહ્યો છે.

નવી મુંબઈ-વાશીથી ૧૨ કિ.મી., ઐરોલીથી ૧૧ કિ.મી., મુંબ્રાથી ૭ કિ.મી., પુના તરફથી વિહાર કરતાં કલંબોલીથી ૧૩ કિ.મી., ડોંબિવલીથી ૯ કિ.મી. આમ દરેક સ્થળેથી આવતા જતાં પૂજ્યો માટે વિરામનું સ્થાન છે. સવા એકરના વિશાળ એરીયામાં આવેલ આ વિહારધામના પુનિત દર્શનનો લાભ લેવા વિનંતી. આઠ આઠ મહિના શેષ કાલમાં ૬૦૦ થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની સુંદર ભક્તિનો લાભ લેવાની ભાવના હોય તો જરૂરથી સંપર્ક કરવા વિનંતી વિશેષ માહિતી માટે પ્રવીણ લોડાયા-૯૮૨૦૫૬૫૨૬૧નો સંપર્ક સાધવો.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદમાં પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તીર્થેશગુણાશ્રીજી મ.સા. ના સ્થિરતા અંગેની સૂચના

પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તીર્થેશગુણાશ્રીજી મ.સા. ચાતુર્માસ પરિવર્તન કરીને શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઈ અચલગચ્છ જૈન ઉપાશ્રય નવનીત વિવિધ લક્ષ્મી ભવન, પી.ટી.કોલેજ રોડ, ચંદ્રનગર, પાલડી ઉપાશ્રયે અમદાવાદ ખાતે બિરાજમાન છે. હાલની પરિસ્થિતિ પ્રમાણે તેમજ અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા અને અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના આદેશ અનુસાર તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી અત્રે ઉપાશ્રયમાં સ્થિરતા કરશે. સકળ સંઘના સર્વે શ્રાવક શ્રાવિકા ભાઈ બહેનો એ દર્શન વંદનનો લાભ લેવા વિનંતી. સરકારી નિયમ મુજબ સોશિયલ ડિસ્ટન્સ રાખવું તેમજ માસ્ક પહેરવું ફરજિયાત છે. પધારનાર વાસક્ષેપનો આગ્રહ રાખવો નહીં. એવું સૂચના સહ નિવેદન શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદના પ્રમુખ શાંતિલાલ મૂલજી સાવલા દ્વારા અપાઈ છે.

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના સંજીવની સુવર્ણ પેટ્રોન અનુદાન દાતાની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકાં પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવ્યો એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...




### માતુશ્રી મણીબેન રામજી લોડાયા

કચ્છ: નાની ખાવડી, હાલ: સાંગલી

## સંજીવની સુવર્ણ પેટ્રોન

## Rs. 50,000

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ જરૂરતમંદ જ્ઞાતિજનોને માટે વિશેષ મદદરૂપ એવી સંજીવની યોજનાની ઉપયોગિતા અને ખાસિયત જાણી સમજી ઉદારદિલ દાતાઓ પોતાનું સ્વૈચ્છિક યોગદાન નોંધાવી રહ્યાં છે.

રૂા.૫૦ હજારનું અનુદાન આપી સંજીવની સુર્વણ પેટ્રોન દાતા તરીકે યોજનામાં માતુશ્રી મણીબેન રામજી લોડાયા, નાના ખાવડી હાલે સાંગલી સહભાગી થયા છે. પરોપકારનો અર્થ છે અન્યો પ્રત્યે કરૂણા ભાવ રાખવો. પરવશ અને લાચાર સંજોગોમાં તકલીફમાં આવી જનાર જ્ઞાતિજનોની તકલીફ, કષ્ટ સમજનાર સુવર્ણ પેટ્રોનની અનુમોદના સાથે આભાર.

# કેનેડાના વડાપ્રધાનને રોકડો જવાબ આપનારા કેનેડાવાસી હેમંત લોડાયાની હિંમતને સૌ સલામ



વર્તમાન સમયમાં દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લા એક પખવાડિયાથી કિસાનોનું સરકાર વિરૂદ્ધ આંદોલન ચાલી રહ્યું છે. જેમાં પોતાનો સ્વાર્થ સાધવા વિપક્ષો પણ કિસાનો પાછળ ઊભા રહી ટેકો આપી રહ્યાં છે. તો વિદેશમાં રહેતા દેશ વિરૂધ્ધના તત્વો પોતાનો રોટલો શેકવા આ આંદોલનમાં કૂદી રહ્યાં છે અને પોતાનું રાજકારણ રમી રહ્યાં છે.

કોઈપણ દેશની આંતરિક બાબતમાં વિદેશનો કોઈપણ દેશની સતા ટિપ્પણી નથી કરતી એ એક આદર્શ પરંપરા છે. પણ પોતાના દેશમાં વસતા શીખ નાગરિકોની હમદર્દી મળે એ માટે કેનડાના વડાપ્રધાન જસ્ટીન ટુડોએ આ ખેડૂત આંદોલન સંદર્ભે ભારત સરકારની ટીકા કરી. જેને છેલ્લા ૪૫ વર્ષથી કેનેડામાં વસતા વિનિપેગ ચેમ્બર ઓફ કોર્મસની ઈન્ડિયા ટુડે કમિટિના પૂર્વ ચેરમેન તેમજ કેનેડા ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલના બોર્ડ ઓફ ડાયરેક્ટર મૂળ કચ્છ વરાડિયાના હેમંત માણેકજી શાહ, લોડાયા ગુંદરવાળાએ કેનેડાના પ્રધાનમંત્રીને વળતો જવાબ આપી સ્થાનિકે કેનેડાની સમસ્યાઓ પ્રત્યે ધ્યાન આપી અન્ય દેશોની આંતરિક બાબતોમાં ન પડવાની સલાહ આપી હિંમત બતાવી. આવો જાંબાજ ઝઝબો કચ્છી માડુ જ બતાવી શકે. દશાઈ જ્ઞાતિના વટવાળા માનવીની હિંમત અને સાથે સાથે દેશભક્તિને દાદ આપવી ઘટે. સલામ છે હેમંતભાઈ લોડાયાને.

કેનેડામાં કોરોનાનો સેકન્ડવેવ ચાલુ છે. છેલ્લા બે સપ્તાહથી લગભગ આખું કેનેડા બંધ પડ્યું છે. ત્યારે વેક્સિન શોધવાની બાબતે કેટલું પહોંચાયું છે એ જોવાને બદલે કેનેડાના પ્રાઈમ મિનિસ્ટર અન્ય દેશની આંતરિક બાબતમાં ચંચુપાત કરે એ કેટલી હદે વ્યાજબી છે? એવો તીખો અને તાતો સવાલ તેમણે કર્યો છે.

હકીકતમાં જોઈએ તો કેનેડા સરકારે કેનેડા-ઈન્ડિયા ટ્રેડ રિલેશનમાં ધ્યાન આપવાની જરૂર છે. કેનેડામાં ભારત વધુ નિકાસ કરે છે તેની સામે કેનેડાના માલ સામાનની ભારતમાં ઓછી નિકાસ થાય છે. બંન્ને દેશોના સંબંધો મજબૂત થાય એના તરફ ધ્યાન આપવું જોઈએ. ઈન્ડિયાની મોદી સરકાર અને ત્યાંના વિપક્ષો મજબૂત છે. ભારત વિશ્વનો ચાઈના પછી સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે. એટલે પોતાની સમસ્યા ઉકેલવા સક્ષમ છે. એટલે કેનેડાએ માન ન માન મૈં તેરા મહેમાનની ભૂમિકા અદા ન કરવી જોઈએ. એવું હેમંતભાઈએ પોતાની કર્મભૂમિ કેનેડા દેશના વડાપ્રધાનને અન્ય દેશની આંતરિક બાબતોમાં માથું ન મારવાની સલાહ આપી છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે પંજાબના ખેડૂતો આંદોલન કરે છે તેના ચિંતા છે પણ મુંબઈથી ચાર મહિના અગાઉ શ્રમજીવીઓ સ્થળાંતર કરતા હતા ત્યારે ચિંતા કેમ ન દર્શાવી? કેનેડામાં પંજાબી લોકોની મોટી વોટ બેંક છે. પંજાબી મૂળના કેનેડાની સરકારમાં પ્રધાન છે. એટલે પોતાની વોટ બેંક સાચવવા ગેરજવાબી નિવેદન કરવું કેટલા અંશે વાજબી છે?

હેમંત શાહ-લોડાયાએ એમ પણ કહ્યું કે ભારતમાં ત્રણ શહેરોમાં કોરોનાની વેક્સિનનું કામ પ્રગતિને પંથે છે. આ ત્રણેય શહેરોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાતે જઈને કામગીરીનું નિરીક્ષણ કરી આવ્યા. વૈજ્ઞાનિકો સાથે ચર્ચા વિમર્શ કરી રસપૂર્વક માહિતી મેળવી તેમની પીઠ થાબડી. જ્યારે આપણે ત્યાં કેનેડામાં કોરોનાનું બીજું મોજું આવ્યું છે. ત્યારે અત્રે આપણે વેક્સિન શોધવાની બાબતે કેટલે પહોંચ્યા છીએ એ જુઓને પ્રજાને માહિતી આપો. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. તેથી તેની પાસેથી ઘણું શીખવા જેવું છે. એવું પણ તેમણે છેલ્લે જણાવ્યું.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# આત્મનિર્ભર કેડીઓ નારીના સમર્થકોને લાખ લાખ વંદન




કેડીઓ જ્ઞાતિની સ્વમાની સ્ત્રી શક્તિને સ્વ સાર્મથ્યની તાકત આપવા જ્ઞાતિની ઉદારદિલ પ્રતિભાઓ આગળ આવી રહી છે. જે ઉત્સાહ પ્રેરક છે.

આ યોજનાના પ્રેરક બનનાર દાતા હેમાંગ જી. છેડા અને જયશ્રીબેન કે. દંડની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે. તેમના આ સાથ સહયોગની પ્રેરણા અન્યોને મળે એવી આશા, વિશ્વાસ અને શ્રધ્ધા. સમસ્ત મહાજન, નારી શક્તિ ટીમ અને સ્વરોજ ટીમ ધરાવે છે. આવો આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને સ્વનિર્ભર આત્મનિર્ભર બનાવીએ.

# આત્મનિર્ભર કેડીઓ નારી ઝુંબેશને આર્થિક મદદ કરી આ પ્રકલ્પને મજબૂત તાકત આપો

સમસ્ત મહાજનની કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિની જ્ઞાતિની ગૃહિણી બહેનો જે ઘર બેઠાં પોતાની રીતે સ્વરોજગાર મેળવી પોતાની રીતે આગળ વધી શકે, સ્વતંત્ર અને સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરી શકે એવા ઉમદા ખ્યાલને હકીકતમાં પરિવર્તિત કરતી સ્વમાન યોજના જેવી આત્મનિર્ભર કેડીઓ નારી અંતર્ગત જરૂરિયાતમંદ જ્ઞાતિની ગૃહિણીઓને સિલાઈ મશીન આપી તેમને તાકાત બક્ષવી એ આ યોજનાની વિશિષ્ટતા છે.

આ સ્ત્રી સ્વાભિમાનને પ્રેરક બનતી યોજનાને સમર્થન આપવા જ્ઞાતિના ઉદાર દિલ શ્રેષ્ઠીઓ નમ્ર વિનંતી. વિવિધ રકમનું સ્વૈચ્છિક દાન આપી યોગદાન આપી આ યોજનાના હામી બનો.

સ્વરોજ કમિટીને કેડીઓ જ્ઞાતિ મહિલાઓ પાસેથી સીવણ મશીનની ઘણી અરજીઓ પ્રાપ્ત થઈ છે. માત્ર આપનો સબબ ટેકો મળે એનો ઈન્તજાર છે.

તો આવો આગળ આવો અને જ્ઞાતિની મહિલા શક્તિને સબબ સાથ આપો જેથી કેડીઓ નારી પોતાની આવડત, હસ્તકલા હુન્નર દ્વારા ગૃહ ઉદ્યોજક તરીકે પોતાને સ્થાપિત કરી શકે. આપનો સાથ-જ્ઞાતિની નારી શક્તિનો વિકાસ.

# વોર્ડ નં.૧૭૭ના નગરસેવિકા નેહલ શાહના સંપર્ક કાર્યાલય સેવાલયનું તા.૧૭ ડિસેમ્બરના ઉદ્‌ઘાટન



મૂળ સાંધવ-દાદર પૂર્વના અને વોર્ડ નં.૧૭૭ માટુંગા ઈસ્ટ (સે.રે.)ના લોકપ્રિય નગરસેવિકા નેહલ અમર શાહ-ખોનાના ૩૨૩ એ ભગત ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, ભવાનજી અરજણ માર્ગ, માટુંગા (પૂર્વ), સે.રે. મુંબઈ-૧૯ સ્થળે જનસંપર્ક કાર્યાલય સેવાલયનું ગ્રાન્ડ ઓપનીંગ તા.૧૭ ડિસેમ્બર ગુરૂવારના ૧૨.૩૦ કલાકે ભાજપ પક્ષના મહારાષ્ટ્ર પ્રભારી કો. ઈન્ચાર્જ જયભાણ સિંગ પાવૈયા તથા ઓમ પ્રકાશ ધ્રુવેના વરદ હસ્તે કરાશે. આ અવસરે મુંબઈ પ્રદેશ ભાજપ પ્રમુખ અને ધારા સભ્ય મંગલ પ્રભાત લોઢા, ઈશાન્ય મુંબઈ વિસ્તારના સાંસદ મનોજ કોટક, ધારા સભ્ય કાલિદાસ કોલમ્બકર, ધારાસભ્ય કેપ્ટન તામિલ સેલ્વાન તથા વિધાન પરિષદ સભ્ય પ્રસાદ લાડ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. ઉપસ્થિત સૌ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરી હાજર રહેશે.

નેહલ શાહ-ખોનાના સેવાયજ્ઞ માટેના નવીન સોપાનને શુભેચ્છા આપી વધાવીએ છીએ.

# ફુલ ખીલે ગુલશન ગુલશન



ખોના પરિવાર

માતા - પૂજા

પિતા - બાદલ

ગામ - સાંયરા

હાલ - ભાંડૂપ (પ.)

જન્મ - ૧૩-૧૧-૨૦૨૦



પ્રિન્સ

# પ.પૂ.સા.શ્રી સિધ્ધિવર્ષાશ્રીજી મ.સા.ની સાંતાક્રુઝ વેસ્ટ સંઘમાં સ્થિરતા

શ્રી સાંતાક્રુઝ (વેસ્ટ) અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સિધ્ધિવર્ષાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી સંઘમાં સ્થિરતા કરશે. અચલગચ્છ નાયક શ્રી તેમજ શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના આદેશાનુસાર કોરોના મહામારીને લક્ષમા રાખી હજી પણ સરકારી નિયમોનું પાલન કરવાનું છે.

જેથી સકળ સંઘના સૌને દર્શન વંદન માટે પધારતા નીચે મુજબના નિયમોનું અચૂક પાલન કરવું.

પૂજ્યશ્રીના દૂરથી દર્શન-વંદન કરવા વાસક્ષેપનો આગ્રહ રાખવો નહીં ગોચરી માટે ઘેર પધારવાનો આગ્રહ રાખવો નહીં. સોશ્યિલ ડિસ્ટન્સિંગનો પાલન કરવું અને માસ્ક પહેરવો ફરજિયાત છે.

શ્રી સંઘમાં દર શુક્રવારે નમીઊણપાર્શ્વનાથ જાપ, દર મહિનાના સુદ એકમના નવકાર જાપ રાખેતા મુજબ ચાલુ છે.

સહુ સાંતાક્રુઝ વાસીઓને ભાગ લેવાની વિનંતી શ્રી સાંતાક્રુઝ અચલ જૈન સંઘ તરફથી કરાઈ છે.



# બોંતેર જિનાલય તીર્થે આગમ સૂત્રના યોગની નાણ વિધિ કરાઈ



કચ્છના સુવિખ્યાત તીર્થ શ્રી વર્ધમાન બોંતેર જિનાલયમાં તા.૬ ડિસેમ્બર રવિવાર દિને શિવમસ્તુ તીર્થના પ્રણેતા પ.પૂ.પુર્ણભદ્રસાગરજી મ.સા., પ.પૂ.શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ વિશાળ સંખ્યામાં સાધુ સાધ્વીજી સમુદાયની મંગલમય ઉપસ્થિત મંડપમાં નાણ સમક્ષ ક્રિયા વિધિ થયેલ. સુયગડાંગ નામના બીજા નંબરના આગમ સૂત્ર અંગે આજ્ઞા આપવાની હોઈ એની નાણ વિધિ કરાયેલ. હિત શિક્ષા રૂપે સમ્યક શ્રુત જ્ઞાનનું જૈન શાસ્ત્રોમાં શુ મહત્વ હોય છે તે સમજાવેલ. પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદય સાગરજી મ.સા.એ કરેલા ૩૫ દિવસના આયંબિલ સાથેના યોગની આ વિધિ કરેલ.

## ટિટવાલા નગરે સિમંધર સ્વામી પ્રભુની પ્રતિમાની ચલ પ્રતિષ્ઠા થઈ







તા.૬ ડિસેમ્બર રવિવાર રોજે સિધ્ધિવિનાયક ગણેશજીના તીર્થ સ્થાન તરીકે મશહૂર ટિટવાલા નગરે શ્રીગુરૂ નિવાસ સ્થળે ૨૧ ઈંચની શ્રી સિમંધર સ્વામી પ્રભુની ભવ્યાતિ ભવ્ય પ્રતિમાની ચલ પ્રતિષ્ઠા સવારે ૮ થી ૧૨.૩૦ કલાકે અચલગચ્છીય ગુરૂદેવ પ.પૂ.આ.ભ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભજી સાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં થઈ. સ્થાનિક ટિટવાલા તેમજ આજુબાજુ પરિસર અને મુંબઈથી બહોળા સંખ્યામાં શ્રાવક શ્રાવિકો આ પ્રસંગે ધર્મ આરાધનામાં ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.

# સમસ્ત મહાજનના ટ્રસ્ટી અરવિંદભાઈ લોડાયાની અબડાસા તાલુકા ભાજપના મહામંત્રી પદે વરણી



ભારતીય જનતા પક્ષ દ્વારા રાજ્યભરમાં સંગઠન સંરચનાની કામગીરી શરૂ છે. આ સંદર્ભે કચ્છ જિલ્લા તેમજ વિવિધ તાલુકાના પક્ષ સંગઠનમાં નવા કારોબારી પદાધિકારીઓની વરણી કરાઈ છે. જેમાં અબડાસા તાલુકા ભાજપ સંગઠનમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટી અરવિંદભાઈ લાલજીભાઈ શાહ-લોડાયાની મહામંત્રી તરીકે નિમણૂંક કરાઈ છે. પક્ષ સંગઠન માળખામાં તેઓશ્રીની મહત્વના પદે થયેલ નિમણુંક માટે તેઓને જ્ઞાતિવતી અભિનંદન સાથે ભવિષ્યની રાજકીય ક્ષેત્રે કારકીર્દિની સફળતા માટે શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.

હાલમાં અબડાસા વિધાન સભા બેઠકની પેટા ચૂંટણી યોજાઈ. જેમાં ભાજપના ઉમેદવાર ભારે બહુમતિથી વિજેતા થયા. આ ચૂંટણીમાં પક્ષના સંનિષ્ઠ કાર્યકર તરીકે અરવિંદભાઈ શાહ એ ભારે જહેમત ઉઠાવી. નાના મોટા કાર્યકરોનો ઉત્સાહ વધારી સખત મહેનત કરવા પ્રેર્યા હતા અને પોતે એ માટે આગેવાની લીધી જેમાં તેઓ સફળતાને વર્યા હતા.

# ગુજરાતમાં લગ્ન પ્રસંગો માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવાનું ફરજિયાત

ગુજરાત સરકારના ગૃહ વિભાગના અધિક સચિવ (કાયદો અને વ્યવસ્થા) દ્વારા તા.૧૧ ડિસેમ્બરના રાજ્યમાં લગ્ન પ્રસંગ તથા સત્કાર સમારંભની ઉજવણીમાં ખુલ્લા કે બંધ હોલ કે સ્થળોના ક્ષમતાના ૫૦ ટકાથી વધુ નહીં તથા મહત્તમ એકસો વ્યક્તિઓના મર્યાદા રાખવાની જોગવાઈ અમલમાં છે.

રાજ્યમાં હાલની કોવિડ ૧૯ની પ્રવર્તમાન સ્થિતિને લક્ષમાં લઈ રાજ્યમાં આગામી સમયમાં યોજાનારા લગ્નો માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત કરાયેલ છે. આ માટે નેશનલ ઈન્ફોર્મેશન સેન્ટર દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર ઓર્ગેનાઈઝિંગ મેરેજ ફંક્શનનું એક સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. જેને ડિજિટલ ગુજરાત પોર્ટલ- www.digitalgujarat.gov.in પર કાર્યરત કરવામાં આવેલ છે.

આ અંતર્ગત અરજદારે લગ્ન સમારંભ યોજવા અંગે ઉક્ત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજદારે રજિસ્ટ્રેશન સ્લીપની પ્રિન્ટ લઈ શકે છે ને PDF સેવ કરી શકે છે. જો કોઈ પોલીસ અધિકારી કે સ્થાનિક વહીવટીતંત્રના અધિકારીઓ કે કર્મચારી અરજદાર પાસે રજિસ્ટ્રેશન સ્લીપની માંગણી કરે તો ત્યારે એ અરજદારે રજૂ કરવાની રહેશે.



Covid-19ની પરિસ્થિતિને ધ્યાને લેતાં આગામી સમયમાં યોજાનાર લગ્નો માટે ઓનલાઇન પરવાનગી આપવાની બાબત.

**ગુજરાત સરકાર**
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૧.૧૨.૨૦૨૦.

ઠરાવ :

રાજ્યમાં હાલમાં ગૃહ વિભાગના તા.૨૪.૧૧.૨૦૨૦ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી લગ્ન/ સત્કાર સમારંભ જેવી ઉજવણીઓના કિસ્સામાં ખુલ્લા સ્થળોએ/ બંધ સ્થળોએ, સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહીં પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/ પ્રસંગના આયોજનને મંજૂરી આપવાની જોગવાઇ અમલમાં છે.

રાજ્યમાં હાલની Covid-19ની પરિસ્થિતિને ધ્યાને લેતાં આગામી સમયમાં યોજાનાર લગ્નો માટે ઓનલાઇન રજીસ્ટ્રેશનની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે, Covid-19ની પ્રવર્તમાન સ્થિતિને લક્ષમાં રાખી, રાજ્યમાં આગામી સમયમાં યોજાનાર લગ્નો માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આ બાબતે National Informatics Centre દ્વારા Online Registration for Organizing Marriage Function નું એક સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જેને Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in)પર કાર્યરત કરવામાં આવેલ છે.

આ અંતર્ગત અરજદારે લગ્ન સમારંભ યોજવા અંગે ઉક્ત પોર્ટલ પર Online અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજદાર Registration Slip ની પ્રિંટ લઇ શકે છે/ PDF સેવ કરી શકે છે. જો કોઇ પોલીસ અધિકારી કે સ્થાનિક વહીવટીતંત્રના અધિકારી/ કર્મચારી અરજદાર પાસે Registration Slip ની માંગણી કરે તો તે અરજદારે રજૂ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.નિરાલા)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ.




● કોડાયની પ્રેમ સુબોધ ગૌશાળાને દેવપર ગઢના જ્યોતિબેન ઝવેરચંદ ગાલા પરિવાર તેમના મૃતક શ્વાનની સ્મૃતિમાં કોરા ચેકનું દાન અપાયું હતું. માદા શ્વાન 'કુકી' ગાલા પરિવારમાં એક પરિવાર સ્વજન જેવું સ્થાન પામી હતી. જૈન સંત મુનિ વિદ્યાચંદ્ર વિજયજી મ.સા. એ બાર વર્ષ પહેલાં છેક પૂનાથી એક મહિનાની માદા શ્વાન મંગાવી પ્રભાદેવી મુંબઈના બિલ્ડર વ્યવસાયી જિતેનભાઈ ગાલાની પુત્રી તન્વીને સોંપી હતી.

● માંડવી તાલુકાની સરકારી શાળામાં ધોરણ ૪થામાં અભ્યાસ કરતી જૈની મેહુલભાઈ શાહ યુટ્યૂબ ચેનલમાં Jaini Shah નામે ધો. ૩ થી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને ઓનલાઈન ફ્રી શિક્ષણ મળી રહે એ હેતુથી બસોથી વધુ શૈક્ષણિક વીડિયો બનાવી અપલોડ કર્યા છે. ઓઢણી ઓઢી શિક્ષિકા બની રમતી જૈની લોકડાઉનમાં વિદ્યાર્થી માટે ખરેખર શિક્ષક બની ગઈ છે. કચ્છ જિલ્લામાં નહીં પણ ગુજરાતના ખૂણે ખૂણે રહેલા વિદ્યાર્થીઓ ફ્રીમાં શિક્ષણ મેળવી રહ્યાં છે. માત્ર આઠ વર્ષની આ બાળાની ચેનલ સવા ત્રણ લાખ બાળકો પર્યંત પહોંચી છે. આ ચેનલના ૪૫૦૦ સબસક્રાઈબર છે. જૈનીના માર્ગદર્શક પિતા મેહુલભાઈ શાહ તલવાણા સી.આર.સી.ખાતે શિક્ષક છે. જ્યારે માતા એમ.એ.પી.ટી.સી. છે. આ ચેનલમાં તેણે શૈક્ષણિક વીડિયોની સાથે દેશક્તિ તથા ભારતીય સંસ્કૃતિના સમન્વય વીડિયો પણ બનાવ્યા છે. જૈનીની આ સિધ્ધિને માંડવી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મોહનભાઈ ફફલ, માંડવી, બી.આર.સી. બિપિનભાઈ પરમાર, માંડવી તાલુકા શિક્ષણ સમાજ પ્રમુખ આશાભાઈ રબારી દ્વારા બિરદાવવામાં આવી હતી. આ ચેનલનો ઉદ્દેશ ગુજરાતના બાળકોને ફ્રી શિક્ષણ આપવાનો છે.

● ગુજરાત અને તેમાં પણ કચ્છ પ્રવાસન વિકાસમાં અનોખું યોગદાન આપનાર સવાયા કચ્છી મહેન્દ્ર સિંહ વાઘેલાને રાજ્ય સરકારે પ્રવાસનના લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઓનલાઈન કાર્યક્રમમાં છેલ્લા ૫૫ વર્ષથી દેશ અને વિદેશમાં પ્રવાસન ક્ષેત્રે સક્રિય મહેન્દ્ર સિહ વાઘેલાને એવોર્ડ અર્પણ કર્યો હતો. વાઘેલા ૧૯૯૨માં કચ્છમાં રૂદ્રમાતા ડેમપર રિસોર્ટ શરૂ કર્યો હતો. માઈક વાઘેલા તરીકે જાણીતા આ પ્રવાસન નિષ્ણાતે તે સમયે કચ્છની પ્રવાસન ક્ષમતાને પીછાણી હતી. રણમાં અને પર્વતોમાં જીપ સફારી અને કેમ્પીંગ પ્રવાસના આયોજનો સાથે તેમણે કચ્છમાં પ્રવાસીઓને આકર્ષવા કમર કસી હતી. આજે તેમનો કચ્છ સફારી રિસોર્ટ દેશની ઉપરાંત વિદેશી પ્રવાસીઓમાં કચ્છને માટે મજબૂત કડી બની ચૂક્યો છે.

● દર સોમવારે રાત્રે આઠથી નવ વાગ્યા દરમ્યાન લંડનના એનઆરઆઈઓ માટેના રેડિયો સ્ટેશન ઉપર ગુજરાતી તથા કચ્છી ગીતો, ભજનો, લોક સંગીતના કાર્યક્રમો આવે છે. જેના પ્રસ્તુત કર્તા જશ્મીન વિઠ્ઠલાણી છે જે કચ્છી લોહાણા યુવતી છે. આ કાર્યક્રમમાં ભારત તેમજ ગુજરાત રાજ્ય અંગેના સમાચારોનું વિશ્લેષણ તથા ગુજરાતી કચ્છી ગીતો જે શ્રોતાઓની ફરમાઈશ પણ હોય છે તે રજૂ કરે છે. તેઓ ત્યાંની ટીવી ચેનલ પર નારી તું નારાયણી નામે હિન્દી કાર્યક્રમ ઉપરાંત મુંબઈના એક અંગ્રેજી વર્તમાનપત્રના લંડનના પ્રતિનિધિપ તરીકે કામ કરે છે.

● કચ્છના ખડીર વિસ્તારમાં હડી ભડાંગ દાદાના સ્થાનક પાસે આવેલી શિલાઓમાં કોઈ વસ્તુ અથડાવવાથી ઘંટારવ થયો હોય તેવો સાક્ષાત્કાર સામે આવવાથી કુતુહલ વર્તાયું છે. ભચાઉના સરહદી ખડીર વિસ્તારના પેટાળમાં અનેક ખનિજો, અશ્મિઓ અને હજારો વર્ષો જૂની હડપ્પન સભ્યતાની નગરી કોટડા ટીંબો આવેલા છે. અત્રે શિલા ઉપર પગ મૂકતાં છીપ્પરમાંથી અનોખો અવાજ રણકી ઉઠતા સૌ અચંબામાં પડી ગયા હતા અને સાત જણા એકત્રિત થઈ સૌએ સર્વાનુમતે સમ સૂરશિલા એવું નામ આપ્યું હતું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



વિશનજી ધનજી મોતા (શાહ)
તા. ૫ ડિસે. (ઉ.૮૪)
કુઆપધાર-કોલકાતા



અ.સૌ.નયના કે. લોડાયા
તા.૬ ડિસે. (ઉ.૫૯)
નાની ખાવડી-રાજકોટ



લીલાવંતી (માનબાઈ) એલ. છેડા
તા.૬ ડિસે. (ઉ.૮૮)
વારાપધ્ધર-મુલુંડ (પ)



અ.સૌ.તારાબેન કે. શાહ (મારૂ)
તા.૭ ડિસે. (ઉ.૮૦)
બિદડા-મુલુંડ



દિનેશ લક્ષ્મીચંદ લોડાયા
તા.૭ ડિસે.
નલિયા-યવતમાલ



સૌ.નલિનીબેન સી. નાગડા
તા.૭ ડિસે. (ઉ.૬૫)
જખૌ-મુલુંડ



માતુશ્રી મંજુલાબેન એન. દંડ
તા.૮ ડિસે. (ઉ.૮૫)
લાલા-વડોદરા



શ્રી વિશાલ દિનેશ લુઠીયા
તા.૮ ડિસે. (ઉ.૪૩)
રાયધણજર-વડોદરા



સૌ.હેમલતાબેન એલ. મોતા
તા.૯ ડિસે. (ઉ.૭૩)
નલિયા-ભાંડુપ



સૌ.લક્ષ્મીબેન સી. દંડ
તા.૧૦ ડિસે. (ઉ.૭૪)
લાલા-ભાંડુપ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

Plan the present, secure the future.
Get a Family Insurance!



insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL